November 2024


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 ● Issue 02 / 225
● Mumbai ● Page 36 ● Price Rs. 5/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

સ્નેહી પરિવારો,
પ્રણામ !

શુભં કરોતું કલ્યાણમ્ આરોગ્ય ધનસંપદા।
શત્રુ બુદ્ધિ વિનાશાય દીપજ્યોર્તિ નમોસ્તુતે।।

**અજ્ઞાનનો અંધકાર દૂર કરનાર, જ્ઞાનનો દીપક છે, ઘીના દીવાની મંદ મંદ બળતી જ્યોતથી માનવને, આત્મ જ્યોતિનો ખ્યાલ આવે છે. માનવે દીવા પાસેથી જીવનદ્રષ્ટિ મેળવવાની છે કે, 'હું પ્રકાશિત થઈશ અને બીજાના જીવનમાં પણ અજવાળુ પાથરીશ. જાતે બળીને અન્યને પ્રકાશ આપવાની પ્રેરણા દીવો આપણને આપે છે. આપ સૌને આ નવા વર્ષે મારી શુભકામના પાઠવું છું કે, આપ સર્વેનું જીવન સવંત ૨૦૮૧માં સુખમય, નિરામય અને ધર્મમય બની રહે.**

**તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૪ રવિવારના** રોજ શ્રી પાટણ જૈન મંડળ-સમાજમાં એક નવો જ યાદગાર પ્રસંગ ઉજવાયો **'ન ભૂતો, ન ભવિષ્યતિ'** સમાન ઐતિહાસિક કાર્યક્રમ પ્રથમવાર **૧૫૦** પટણી પરિવારોની ઉપસ્થિતિમાં એક ઉત્સવ સ્વરૂપે સંપન્ન થયો.

આ પ્રસંગ હતો શાનદાર અને આલિશાન **'હોલી ડે હોમ'ના** ભૂમિપૂજનનો બધાં જ મહાનુભાવો વહેલી સવારે પોતાની ગાડીઓમાં બીજા ભાઈ-બહેનોને સાથે લાવીને લોનાવલા ખાતે **શ્રી જયાનંદ ધામમાં** ભેગા થયા હતા. ત્યાં **શ્રી મુનિસુવ્રત દાદાના** દર્શન-પૂજન કરીને વિવિધ વાનગીઓ સાથે સવારનો બ્રેકફાસ્ટ કર્યો હતો. ત્યારબાદ જે ભૂમિ ઉપર **'હોલી-ડે હોમ' નો** પ્રોજેક્ટ શરૂ થવાનો છે. ત્યાં બધા એકસાથે હાજર રહ્યા હતા. સર્વ પ્રથમ ભૂમિ પૂજનની શરૂઆત કરતા પહેલા શ્રીમતી ભારતીબેન શાહે માંગલિક નવકારમંત્રના પઠન દ્વારા વાતાવરણને શુભ ઓરા અર્પણ કરી હતી. શાસ્ત્રોક્ત વિધિથી પંડિતે દાતા પરિવારો પાસે ભૂમિપૂજનની વિધિ કરાવી. જેનો લાભ મુખ્યદાતા **શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહે (માટલીવાલા) લીધો હતો. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી), શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ, ટ્રસ્ટીઓ શ્રી ભરતભાઈ નેમચંદ શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ, શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ, શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી, શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ, માનદમંત્રી શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી પ્રિતેશભાઈ કીરીટભાઈ શાહ (નંદરબારવાલા) શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ અન્ય દાતા પરિવારો તેમજ કમિટિ મેમ્બરો વિગેરે તેમના ધર્મપત્નીઓ સાથે ઉપસ્થિત રહીને આ કાર્યમાં સહભાગી બન્યા હતા. અક્ષતથી આ શુભકાર્યને વધાવી આનંદ વ્યક્ત કર્યો હતો. બધા જ દાતા પરિવારોને રેશમી દુપટ્ટા પહેરાવી અભિવાદન કર્યું હતું.**

**ભૂમિપૂજનનો કાર્યક્રમ ઉત્તમ ચોઘડિયામાં પ્રારંભ થયો અને શુભ ચોઘડિયામાં સંપન્ન થયો. બધાના મુખ ખુબજ આનંદ છવાયેલો હતો સૌએ એકબીજાને વધામણી આપીને પ્રસંગને વધાવ્યો હતો.**

**તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪નાં** રોજ સાંજના ચાર કલાકે **ગરવારે હોલ, ચર્ચગેટ ખાતે ભાઈબીજના સ્નેહસંમેલન** કાર્યક્રમ ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ એમ. શાહના** નેતૃત્વમાં તેમની કમિટિના સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રીમતી અલ્પાબેન, શ્રી સંજયભાઈએ**

Cont. page 2

કુશળતાપૂર્વક આ પ્રોગ્રામને બહુજ સુંદર પ્રતિસાદ આપ્યો. હાસ્ય કલાકાર **શ્રી ગૌરવ શર્માએ** સહુને બહુ જ હસાવીને વાતાવરણ આનંદમય બનાવી દીધુ. **૭૦૦ પટણીઓએ** એકબીજાને મળીને નવા વર્ષની શુભેચ્છા આપી હતી.

પાટણમાં ભાઈબીજના પર્વમાં પટણીઓ દ્વારા થતાં સમાજલક્ષી કાર્યો જે થઈ રહ્યા છે, તેવા કાર્યનું અને કર્મવીરોનું બહુમાન કરવું જોઈએ જેથી તેઓને પ્રોત્સાહન મળે, તેમના કાર્યોની પ્રશંસા થાય, સમાજના અન્ય લોકોને પ્રેરણા મળે જેઓ, **૨૫, ૫૦ કે ૧૦૦ વર્ષથી સુંદર કાર્યો કરે છે** તેની જાણ અને પરિચય સમગ્ર પાટણના પરિવારોને થવી જોઈએ. **આ કર્મવીરો પોતાની જાતને ધન્ય માને છે કે તેઓ પાટણની ભૂમિ પર જન્મ લીધો છે અને આવા સંનિષ્ઠ કાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. પરમાત્માની અસીમકૃપાથી મને અને મારી ટીમને આ કર્મવીરોનું બહુમાન કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.**

શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં પ્રથમવાર મને તથા મારી ટીમને અને શ્રી પાટણ જૈન મંડળ **યુ.એસ.એ. ટ્રસ્ટી શ્રી નિતિનભાઈ જે. શાહને આ રત્નોનું બહુમાન કરવાનો અવસર પ્રાપ્ત થયો તે મારા માટે ખુબ જ ગૌરવની વાત છે. આ કર્મવીરોની માતાને શતઃ શતઃ વંદન. તેમના સંસ્કારવાહિથી સિંચીને આ રત્નોને ખમીરવંતા બનાવ્યા અને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તથા શ્રી કુમારપાળ રાજાની આ ભૂમિ ગૌરવવંતી બની છે.**

**લોનાવાલા હોલી ડે હોમ** પ્રોજેક્ટ માટે દાનવીર દાતાઓ દ્વારા સતત દાનની સરવાણી વહેતી રહે છે. આ પ્રોજેક્ટને વધુમાં વધુ ભવ્ય, આલીશાન અને વર્ષો સુધી સારી રીતે ચાલે તે માટેનો ખર્ચો બહુ વધારે છે. દિન-પ્રતિદિન કોસ્ટ તો વધતી જાય છે તો હું સહુ પટણીઓને આ સ્કીમમાં જોડાવા માટે આમંત્રણ આપું છું. **રૂા. ૬૩ લાખની સ્કીમમાં** પણ આપ લાભ લઈને જોડાઈ શકો છો. તેમાં **દાતાને એક ભગવાન ભરાવવાનો લાભ મળશે. તમારી રાશી પ્રમાણે ભગવાન, પાટણના નવ પાર્શ્વનાથ ભગવાનમાંથી કોઈપણ એક પાર્શ્વનાથ ભગવાન ભરાવવાનો લાભ લઈ શકો છો. આ એક ઉત્તમ અને સુવર્ણ અવસર છે. 'વહેલા તે પહેલા'ના ધોરણે નામ નોંધાવશો આ તક ચુકવા જેવી નથી લાખેણો અવસર છે. ચિરઃસ્મરણીય બની રહેશે.**

**કેશુશેઠના પાડાના શ્રી અમીતભાઈ વર્ધમાનભાઈ સાંડેસરા તરફથી રૂા. ૩૦ લાખનું અનુદાન એક રૂમના દાતાશ્રી રૂપે, તેમના પૂજ્ય માતુશ્રીની સ્મૃતિમાં શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા, હસ્તે શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ તરફથી મળેલ છે. તેઓનો ખુબ ખુબ આભાર અને અનુમોદના.**

**લખિયાર વાડાના માતુશ્રી શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ તરફથી એક રૂમના રૂા.૧૫ લાખનું અનુદાન સંયુક્ત દાતાશ્રી રૂપે મળે છે તેઓનો ખુબ ખુબ આભાર અને અનુમોદના.**



બાબુ નરેન્દ્રભાઈ
વિજયકુમાર
પનાલાલ

મિત્રો ! મારે આપ સહુને એક **શ્રેષ્ઠ દાતાની ઓળખાણ** કરાવવી છે, જે કાબિલે દાદ છે. છેલ્લા**૨૫ વર્ષથી** તેઓ આપણી સંસ્થામાં તેઓના કૌટુંબિક ટ્રસ્ટોમાંથી અવિરત દાનની ગંગા વહાવે છે. **આ દાનવીર યોદ્ધાનું નામ છે. શ્રી હર્ષભાઈ નરેન્દ્રકુમાર વિજયકુમાર પનાલાલ શાહ - ખજુરીનો પાડો** તેઓએ **સૌરભ મેડિકલ હેલ્થકેરમાં રૂા. ૫૦ લાખનું દાન આપ્યું છે,** પરંતુ મને જણાવતાં વધુ આનંદ અને ગૌરવ થાય છે, તેમ આપ સહુ પાટણ પરિવારજનો વાંચશો અને જાણશો તો જરૂરથી હૃદયમાં અહોભાવ જાગ્યા વગર નહીં જ રહે. આપણા પાટણમાં આપણી વચ્ચે મોતીશા, ભામાશા, જગડુશા જેવા દાનવીરો છે **શ્રી હર્ષભાઈ દર વર્ષે રૂા. ૧૬ લાખથી વધારેની માતબર રકમ** સમાજ ઉત્કર્ષ, એજ્યુકેશન તથા મેડિકલ સહાય માટે મોકલી આપે છે. એમને કોઈપણ પ્રકારનું માન-સન્માન જોઈતું નથી. બહુમાન કરવા અમે વિનંતી કરી આમંત્રણ આપ્યું તો પણ પ્રેમથી 'ના' પાડી. તેઓ કહે છે કે; **'હું ક્યાં એટલું મોટુ દાન આપું છું' મજાની વાત એ છે કે ધન મળ્યું છે પણ તે પચાવી જાણ્યું છે હું શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારો તરફથી નત્ મસ્તકે શ્રી હર્ષભાઈને 'સલામ' કરું છું, ધન્ય છે, આ દાનવીર યોદ્ધાને.**

**પીપીએલ સિઝન - ૮ પ્લેયર્સ ઓક્શન તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ના એમસીએ લોન્જ, ચર્ચગેટ** ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં **સાત ટીમના** પ્લેયર્સનું ઓક્સન રાખવામાં આવ્યું હતું. **૧૨૫ જેટલા પ્લેયર્સની** હાજરી હતી. તે સાત ટીમો વચ્ચે પ્લેયર્સની લેતી-દેતીની રમઝટ જોવાની મજા આવી ગઈ. ખૂબજ યાદગાર પ્રસંગ બની રહ્યો. **સાત ટીમના ઓનરોએ** ખૂબજ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. ઈવેન્ટ **જન્યુઆરી ૨૦૨૫ થી ચાલુ થઈને માર્ચ ૧, ૨૦૨૫ સુધીમાં ફાઈનલ આવશે. ટોટલ બાવન મેચ** રમાડવાનું આયોજન કરેલ છે, સૌ પટણીઓને મેચ જોવાનું આમંત્રણ મોકલી આપું છું. **બધી મેચનું શિડ્યુલ** અંદરના પેજ ઉપર આપેલ છે.



**પુષ્પ માત્ર મર્યાદિત ક્ષેત્રમાં મહેંકે છે, જ્યારે માનવતા સર્વત્ર મહેંકી શકે છે.**
**શુભનું ચિંતવન જ માણસને પારદર્શક બનાવે છે.**
**સુખડની જેમ ઘસાતા રહીને, માનવતાની સૌરભ ફેલાવી છે.**



# માન અભિમાનનો ત્યાગ કરવો મુશ્કેલ છે

## તંત્રી સ્થાનેથી... ભારતી શાહ

### નૂતન વર્ષની શુભકામના....

**''તમે સ્મિત કરો છો ત્યારે દિલને અવસર જેવું લાગે છે. મુજને બે-ચાર પળમાં જીવતર જેવું લાગે છે.''**

એક મોટો સોદાગર પોતાના વહાણો લઈને દૂર દૂરના દેશોમાં ધન કમાવવા માટે જઈ રહ્યો છે. લાંબે સુધી જવાનું હોય છે. કોઈ વખત તોફાન આવી ચડે તો સાવચેતી રૂપે તરતાં શીખી જા. મુસીબતના સમયે તને કામ લાગશે. સોદાગરે કહ્યું, ''તરવાનું શીખવા માટે અત્યારે મારી પાસે સમય નથી.'' મિત્રોએ કહ્યું; ''આ માટે ફક્ત તને પાંચ-છ દિવસ જ લાગશે. ગામમાં કુશળ તરવૈયો છે તે તને એકાદ અઠવાડિયાની અંદર શીખવાડી દેશે.''

મારા માટે તો એક અઠવાડિયું પણ મુશ્કેલ છે મને અત્યારે સમય નથી. એક અઠવાડિયામાં તો લાખોની ઉથલપાથલ થઈ જાય. અત્યારે કમાવાનો સમય છે સમય ગુમાવવો પરવડે તેમ નથી, પણ પાછો આવીને તરવાનું જરૂરથી શીખી લઈશ.

સોદાગરનો જવાબ સાંભળી મિત્રોએ તેને બીજી સલાહ આપતા કહ્યું; ''દરિયાઈ સફરમાં હંમેશા જોખમ તો રહે છે જ. થોડું સાવચેત રહેવું જરૂરી છે. તો તું એક કામ કર. તારાં વહાણમાં બે ખાલી પીપ રાખજે. જરૂર પડે તો છેલ્લા ઉપાય તરીકે તેના સહારે તું તરી શકે.

સોદાગરને મિત્રોની આ વાત પસંદ પડી. એ લાંબી સફરે ઉપડયો ત્યારે વહાણમાં ઢાંકણા બંધ કરેલા બે ખાલી પીપો ચડાવી દીધા. સમુદ્રની લાંબી સફરમાં એક દિવસ અચાનક તોફાન આવ્યું અને વહાણ ડૂબવા લાગ્યું. અંદર રહેલાં ખલાસીઓ જીવ બચાવવા માટે સમુદ્રમાં કુદીને તરવા લાગ્યા અને સોદાગર વહાણમાં પીપને શોધવા રહ્યો. બે ખાલી પીપ જ્યાં મુક્યા હતા તેની બાજુમાં જ બે પીપ સોનામહોરથી ભરેલા પણ હતા.

સોદાગર મુંઝાઈ ગયો જે પોતે સાથે લઈને જઈ રહ્યો હતો તે સોનામહોરના ભરેલા પીપ લઈને કૂદે કે ખાલી પીપ સાથે કુદે ? મોતનો ભય મુંઝવી રહ્યો હતો. આમ છતાં મોહ છૂટતો નહોતો તેણે વિચાર્યું વહાણ ડૂબવા જ માંડયું છે તો ખાલી પીપને લઈને કુદવાથી શું ફાયદો ? કદાચ સોનામહોર અને જાન બન્ને બચાવી શકાય. તેણે સોનામહોરવાળા પીપ લીધા અને પાણીમાં કુદી પડ્યો. ધનની સાથે જાન પણ ગુમાવ્યો.

જીવનમાં પણ મોટે ભાગે આવું જ બને છે મુશ્કેલીના સમયે બહાર કેમ આવવું તેની સમજણ નથી. છેવટે ડૂબવાનો વારો આવે છે કશું છોડાતું નથી ભાર વધતો જાય છે. જીવનસાગરને તરવા માટે પણ હળવાફુલ થઈ જવાની જરૂર છે. જીવનમાં ત્યાગ એટલો સરળ નથી. ત્યાગમાં પણ સમતુલન જોઈએ. ચીજને છોડી દેવી માત્ર ત્યાગ નથી પરંતુ તેના પ્રત્યેનો રાગ અને મમત્વ દૂર થવું જોઈએ.

જેમણે સર્વસ્વનો ત્યાગ ક્યો હોય, પરંતુ અંદરથી મોહ છૂટ્યો ન હોય તો તેમનો ત્યાગ વ્યર્થ બની જાય છે. ત્યાગમાં પણ સમજણ, વિવેક, શક્તિ અને સામર્થ્ય હોવું જોઈએ. ત્યાગમાં અહંકાર નહીં હોવો જોઈએ સત્કાર્યો કર્યા હોય તે ભૂલી જવાય તો તે ફુલની માળા બની જાય છે.

**''ધનનો ત્યાગ કરવાનું સહેલું છે, માન-અભિમાનનો ત્યાગ મુશ્કેલ છે.''**

ખાનપાનનો ત્યાગ, ધનનો ત્યાગ, સગવડતાનો ત્યાગ સહેલો છે, પરંતુ માન-અભિમાનનો ત્યાગ, અહમનો ત્યાગ, મોટાઈનો ત્યાગ, કીર્તિ-પ્રસિદ્ધિનો ત્યાગ કરવાનું મુશ્કેલ છે. સ્વાર્થ અને લોભ માણસને ન કરવાના કામો કરાવે છે. જીવનના અંત સુધી લોભ જતો નથી. વધુ ને વધુ પ્રાપ્ત કરવાની ઝંખનામાં માણસ પોતાની પાસે જે છે તે પણ ભોગવી શકતો નથી. આપવાનો જે આનંદ છે તે અદ્‌ભુત છે આપણા સાધનોમાં આપણે જેટલા ઉદાર બની શકીએ તેટલા બનીએ એ સાચો ત્યાગ છે.

માણસ જે કાંઈ છોડે છે તેની પાછળ પણ વધુ મેળવવાની અપેક્ષા જ હોય છે. શ્રદ્ધા, આસ્થા અને પ્રાર્થના પાછળ આવી વૃત્તિ કામ કરી રહી હોઈ છે. આપણી પાસે ગમે તેટલું હોય બધુ અહીં પડી રહેવાનું છે. જેટલું માણસ સત્કાર્યોમાં વાપરે તેટલી સંપદા તેની છે બાકી બધુ ખાકમાં મળી જવાનું છે.

પ્રાર્થના એવી કરો જાણે બધું ભગવાન પર જ નિર્ભર છે અને પ્રયત્ન એવા કરો કે જાણે બધુ પોતાના પર જ નિર્ભર છે.

**''અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા,**
**ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.''**

# શ્રી પાટણ જૈન મંડળ યોજિત
# હોલી ડે હોમ લોનાવાલા ભૂમિ પૂજન















































## PPL OWNERS SEASON 8

**૨૭ ઓક્ટોબરના રવિવારના સાંજે ૫ થી ૧૧** વાગ્યા દરમ્યાન એમસીએ લાઉન્જમાં **પીપીએલની આઠમી સિઝન** માટે ભવ્ય અને જંગી ઓક્શન યોજાયું. આ ઈવેન્ટનો આધાર **''જેન્ટલમેન થીમ''** હતો અને તમામ ઓનર્સ, સ્પોન્સર્સ, પ્લેયર્સ, કમિટીના સભ્યો આ થીમને અનુરૂપ હાજર રહ્યા.

મેઈન સ્પોન્સર INIZIO ના **શ્રી અમીતભાઈ અને શ્રીમતી પલ્લવીબેન** BERYLLE **શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રીમતી આશીતાબેન** કો. સ્પોન્સરર K. SEVANTILAL & CO. ના **શ્રી રવિભાઈ અને શ્રીમતી સોનલબેને** હાજરી આપી હતી અને પીપીએલ કમિટી તેમનો આભાર માને છે.

આ પ્રસંગે પાટણની ખિસકોલી મેસ્કોટ તરીકે વિશેષ રીતે રજૂ કરવામાં આવી હતી અને છ કલાક સુધી ચાલેલા ઓક્શનને રોલર - કોસ્ટર જેવી રસપ્રદ ગતિ મળી.

સ્પોર્ટ્સ કમિટીના સેક્રેટરી **શ્રી વિનેશભાઈ, શ્રી યોગેશભાઈ, શ્રી મિતેશભાઈ,** જોઈન્ટ સેક્રેટરી **શ્રી પરાગભાઈ,** કમિટી મેમ્બર્સ **શ્રી ચિરાગભાઈ, શ્રી નિલેશભાઈ અને શ્રી દેવાંગભાઈએ** આ ઈવેન્ટને સફળ બનાવવા માટે સતત મહેનત કરી હતી. **શ્રી તૃપ્તિબેન અને શ્રી રૂપાલીબેનના** પ્રયાસો વિના ડિજિટલ મિડીયા સંચાલન શક્ય નહોતું. **શ્રી અભિષેકભાઈ, શ્રી સમીરભાઈ, શ્રી કવિશભાઈએ** પોતાની બુદ્ધિ અને ચતુરાઈથી ઓપશનના નિયમો બનાવી આ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા.

આ અવકાશને વધુ યાદગાર બનાવવા, સેલ્ફી બૂથમાં અલગ-અલગ બેનર સાથે ફોટો લેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જે પ્લેયર્સ માટે ખાસ આકર્ષણ બની. મેન્યુને ટીમના આધારે ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જેમ કે SPS SUPAR સરપ્રાઈઝ, મેવિરિક્સ મખની દાળ, ઈરસવા પાણીપુરી પંચ અને MTM બટર ઘુઘરા, જેની લોકોમાં ખુબ જ પ્રસંશા થઈ.

આ પ્રસંગે દરેકને મોમેન્ટો તરીકે નાનું સ્ટેડિયમ ભેટ આપવામાં આવ્યું, જેમાં પીપીએલનો લોગો, ઓનર્સ અને સ્પોન્સર્સના નામ તથા ચાંદીનું બેટ સમાવિષ્ટ હતું.

**શ્રી રોહિતભાઈએ** તમામને મીઠો આવકાર આપ્યો અને **શ્રી વિનેશભાઈ** તથા સમગ્ર કમિટીના શ્રેષ્ઠ પ્રયાસોની પ્રસંશા કરી.

પ્રેસિડેન્ટ **શ્રી દાનેશભાઈએ** પણ ઓકશન ચાલુ થતાં પહેલા ઓનરોનો જુસ્સો વધે એવી વાણીથી જોરદાર ઉદબોધન કર્યું હતું.


HITESH SHAH ☆ BHUPEN SHAH ☆ SANDEEP SHAH


NIRESH SHAH ☆ KUNTAL SHAH ☆ NIRVAN SHAH ☆ BHAVIK SHAH


NUSHAAN SHAH ☆ KETAN SHAH ☆ GAURAV SHAH ☆ DARSHIL SHAH



☆ MANISH SHAH ☆


AMITA SHAH ☆ KAMLESH SHAH ☆ HEMAL SHAH


RINA SHAH ☆ MAHITA SHAH ☆ SANDEEP SHAH


SONAL SHAH ☆ RAVI SHAH

# PPL SEASON 8 - SHCEDULE



# PPL SEASON 8 - SHCEDULE


























# PPL AUCTION DAY SEASON 8

**Title Sponsor**
INIZIO
An Eternal Beginning

**Title Sponsor**
BERYLLE

**TITLE CO-SPONSORS & SIXES SPONSOR**
K.SEVANTILAL & CO.
ESTD SINCE 1947

**JERSEY & TRACK SPONSOR**
SOMIRA DIAM

**MAN OF SERIES**
mtm

**CATCH OF THE MATCH**
DERMX
(A Division of S Kant HEALTHCARE Ltd.)

**TROPHY SPONSOR**
YOGESH RAVINDRABHAI SHAH

**BOUNDARY SPONSOR**
SUN RISE ENTERPRISES

**MAXIMUM 6's SPONSOR**
Pattani
OPTICIANS

**Co - Sponsor**
K.SEVANTILAL & CO.
ESTD SINCE 1947

**MEDICAL SPONSORS**
JANAK A SHAH

**WICKET SPONSOR**
Colour Coats
Redefining Finishes

**TEAM PLAYER AWARD SPONSOR**
NAVAM
DINING

**LIVE STREAMING**
ZNL
Since 1996

**Z FACTOR AWARD**
ZSPORTSTECH.COM

**HYDRATING SPONSOR**
VS INTERIORS
WE DESIGN YOUR DREAMS

**MAN OF THE MATCH & APP SPONSOR**
SK
We Serve Since 1932

# નૂતન સ્નેહ સમેલન અહેવાલ

તારીખ ૧૦ નવેમ્બર, ૨૦૨૪ ના ગરવારે ચર્ચગેટ ખાતે શ્રી પાટણ જૈન મંડળ આયોજિત **શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર પ્રેરિત પ્રોગ્રામ સમિતિ** દ્વારા દિવાળી સંમેલન નું આયોજન કરવામાં આવેલ હતું. રવિવારે સાંજે ૪.૦૦ થી ૭.૦૦ આ કાર્યક્રમમાં લગભગ ૭૦૦ પટણીઓ સામેલ થયા હતા. પ્રોગ્રામનું સંચાલન પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન શાહે** કર્યું હતું. જોઈન્ટ સેક્રેટરી **શ્રીમતી ભાવિનીબેને** કોમેડીની દુનિયાના જાણીતા અને માનીતા એવા **શ્રી ગૌરવ શર્માનો** પરિચય આપ્યો હતો. સ્ટેન્ડઅપ કોમેડિયન **શ્રી ગૌરવ શર્માએ** સમગ્ર હોલમાં ઉપસ્થિત લોકોના મન મોહી લીધા હતા અને હાસ્યના મોજા ઉઠયા હતા. ત્યારબાદ સેક્રેટરી **શ્રી કલ્પેશભાઈ ઝવેરીએ** પટ્ટણીઓને આવકાર આપ્યો હતો. **શ્રી ભાવિકભાઈના** નેજા હેઠળ લોનાવાલાનો હોલી ડે હોમ પ્રોજક્ટ પીપીટી દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો, **શ્રી હેમંતભાઈ સાલવી** દ્વારા સૌરભ મેડિકલ હેલ્થ કેર સેન્ટરની જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન **શ્રી દેવેશભાઈએ** સંભાળ્યું હતું. પાટણના જ વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા અને ખુબ સારા ઉમદા કાર્ય કરી રહેલા દાતાઓ અને વિવિધ સંસ્થાઓને બિરદાવવામાં આવી હતી. નીચે મુજબના સંસ્થાઓના ટ્રસ્ટીઓનું બહુમાન રંગબેરંગી દુપટ્ટા અને સન્માન પત્ર આપી કરવામાં આવ્યું હતું.

**૧. પાટણ પાંજરાપોળ કુસુમબેન અમૃતલાલ શાહ, ૨. પાટણ ભોજનશાળા, ૩. એસ.કે. ટ્રસ્ટ (સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ),**
**૪. વિનોદભાઈ હરિલાલ ઝવેરી, ૫. ભોગીલાલ મણિલાલ શાહ હાઈ સ્કુલ, ૬. પોપટલાલ ભીખાચંદ જનતા હોસ્પિટલ,**
**૭. સોમીબા ક્લિનિક, ૮. કીર્તિલાલ પ્રેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, ૯. સરસ્વતી બધીર એજ્યુકેશન ટ્રસ્ટ,**
**૧૦. ભારતીય આરોગ્ય નિધિ, ૧૧. શ્રી પાટણ જૈન મંડળ યુ.એસ.એ., ૧૨. કનાસા કલ્યાણ કેન્દ્ર, ૧૩. નહાલચંદ લલ્લુચંદ ટ્રસ્ટ.**

પ્રોગ્રામના મુખ્ય દાતાશ્રીના પરિવારના **શ્રી સુનિલભાઈ ગુણવંતલાલ શાહ** અને તેમના પરિવારનું પણ ફુલના ગુલદસ્તા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

ગરવારે ક્લબના **વાઈસ પ્રેસિડન્ટ શ્રી સાયરસ ગોલીબાર** અને **શ્રી મનિષભાઈ અજમેરા** અને બીજા કમિટી મેમ્બરો પણ આ પ્રસંગે ખાસ સમય કાઢીને આવ્યા હતા. **શ્રી સાયરસ ગોલીબારે** તેમની સ્પીચમાં પોતાના પાટણના હિતેચ્છુઓ અને ખાસ મિત્રોના નામ જણાવ્યા હતા. આપણા સ્નેહ સંમેલનને ચાર ચાંદ લગાડવા માટે **શ્રી મંગલપ્રભાત લોઢાના પત્ની શ્રીમતી મંજુબેન લોઢા** અને **શ્રી રાહુલ નાર્વેકર** પણ પધાર્યા હતા. ફુલોના ગુચ્છા દ્વારા **શ્રી સાયરસજી, શ્રી મનીષભાઈ, શ્રીમતી મંજુબેન અને શ્રી રાહુલભાઈ નાર્વેકરનું** પણ સન્માન કરવામાં આવ્યું હતું.


આભારવિધિ **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈએ** કરી હતી. પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી **શ્રીમતી અલ્પાબેન શાહ, શ્રી કલ્પેશભાઈ ઝવેરી., શ્રી સંજયભાઈ શાહ જોઈન્ટ સેક્રેટરી શ્રીમતી ભાવીનીબેન તથા શ્રી પંકજભાઈ, શ્રી ધીરેનભાઈ, શ્રી નિલેશભાઈ કે. શાહ, શ્રી નિલેશભાઈ આર. શાહ, શ્રી નિલેશભાઈ એ. શાહ, શ્રીમતી પ્રિતીબેન, શ્રીમતી બીનાબેનના** અથાગ મહેનત અને સપોર્ટથી આ પ્રોગ્રામ ખૂબ સારી રીતે પાર પાડ્યો હતો અને સફળતાપૂર્વક સમાપન થયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન સતત સેવા આપનાર **શ્રી ભટ્ટભાઈ** અને બીજા સ્ટાફનો પણ આભાર માનવામાં આવ્યો હતો. વિવિધ રસથાળનો આનંદ માણી લોકો નવા વર્ષે ફરીથી જલ્દી જલ્દી મળવાની શુભેચ્છા એકબીજાને આપી સહુ છૂટ્ટા પડયા હતા.










SHRI MANILAL LALUCHAND SHAH
(ATUL DRUG HOUSE) PARIVAR

MAIN DONOR



# કર્મવીર યોદ્ધાઓને ઓળખવાનો અમૂલ્ય અવસર




**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત**
**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ**
ટ્રસ્ટીઓ :- શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ,
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ,
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ,
શ્રી પંકજભાઈ પનાલાલ શાહ,
શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ

ખલીપુરમાં આવેલી ૧૦૦ વર્ષથી ચાલતી આ પાજરાપોળમાં આધુનિક ઓપરેશન થિયેટર તથા પશુઓ માટે શેડ બાંધવામાં આવ્યો છે. પાટણના શ્રેષ્ઠીઓ જીવદયા, નિમિત્તે પાંજરાપોળમાં ઉત્કૃષ્ટ સેવા આપીને કાર્ય કરી રહ્યા છે. તેમની અનુમોદના.

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**
**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**
ટ્રસ્ટીઓ :- શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ
શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ
શ્રી શરદભાઈ સેવંતીલાલ શાહ
શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ

૮૦ વર્ષથી ચાલતી આ ભોજનશાળા ભુખ્યાને ભોજન, તરસ્યાને જલપાન કરાવીને સાધુ-સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન. સાધર્મિક ભક્તિ તેમજ મુમુક્ષુની ભક્તિનો લાભ લઈને ખુબજ સુંદર કાર્ય કરી રહી છે.







**શ્રી પોપટલાલ ભીખાચંદ જનતા હોસ્પિટલ**
ટ્રસ્ટી :- શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
૮૦ વર્ષથી ચાલતી આ સાર્વજનિક હોસ્પિટલમાં આધુનિક કેન્સર રીસર્ચ ડિપાર્ટમેન્ટ ખોલવામાં આવ્યું છે. પાટણ ખાતેની આ સૌથી જૂની હોસ્પિટલ છે.




**કનાસા કલ્યાણ કેન્દ્ર**


ટ્રસ્ટીઓ :- શ્રી નિરંજનભાઈ પોપટલાલ શાહ
શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ
શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ
શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ
શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
શ્રી વિક્રમભાઈ ચીમનલાલ શાહ
શ્રી સુરેશભાઈ બાબુલાલ શાહ
શ્રી જનકભાઈ બાલુભાઈ શાહ
શ્રી કમલભાઈ બાબુભાઈ શાહ

૨૦ વર્ષથી ધમધમાટ પ્રવૃત્તિથી ચાલતું કનાસા કલ્યાણ કેન્દ્ર અને તેમા બનતી વિવિધ ફુડ આઈટમો આજે દેશ-વિદેશમાં ખ્યાતિ પામી છે. ફુડ આઈટમોની નિકાસ કરવામાં આવે છે. આ દ્વારા સાધર્મિક બહેનોને સ્વાવલંબી બનાવવાનો એક માત્ર હેતુ છે. દેરાસર સાધરણ અને જીવદયા પ્રવૃત્તિપણ આ કેન્દ્ર દ્વારા ચાલે છે.

**એસ.કે. ટ્રસ્ટ**
**(સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ)**

ટ્રસ્ટી :- શ્રી ભરતભાઈ નેમચંદ શાહ
તેઓ આ ટ્રસ્ટના નેજા હેઠળ મેડિકલ અને એજ્યુકેશનમાં કામ કરે છે. પાટણ ખાતે તેઓની બ્લડબેન્ક તથા એસ.કે. બાલમંદિર ચલાવે છે જેનો લોકો સારો લાભ લઈ રહ્યા છે.




**સોમીબા ક્લિનિક**

ટ્રસ્ટી :- શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ
પાટણ ખાતે નિઃશુલ્ક સાર્વજનિક દવાખાનુ ચલાવે છે. તેમજ પશુઓના સ્વાસ્થ્ય મેડિકલ કેમ્પનું આયોજન કરે છે. તેમની અનુમોદના.

શેઠશ્રી કીર્તિલાલ પ્રેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ
ટ્રસ્ટી :- શ્રી શ્રીકાંતભાઈ કીર્તિલાલ શાહ
(કનાસાનો પાડો)
૨૫ વર્ષથી તેઓ સાર્વજનિક દવાખાનું ચલાવે છે, જેમા નિઃશુલ્ક તબિબિ નિદાન થાય છે અને દર્દીઓને ફીમાં દવા આપવામાં આવે છે.
''માનવ સેવા એજ જન સેવા''
એ એમનો મંત્ર છે.







સરસ્વતી બધિર એજ્યુકેશન ટ્રસ્ટ
ટ્રસ્ટી :- શેઠશ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ
(કુંભારીયા પાડો)
બહેરા મુંગાની સ્કુલ ચલાવે છે તેમજ બાળકોના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેમને તાલિમ આપે છે.
''જન સેવા એજ પ્રભુ સેવા'' સૂત્ર તેઓએ સાર્થક કર્યુ છે.

શ્રી ભારતીય આરોગ્ય નિધિ
ટ્રસ્ટી :- શ્રી અસિમભાઈ શિરીષભાઈ શાહ
૮૦ વર્ષથી પાટણ ખાતે ટીબી માટેની સાર્વજનિક હોસ્પિટલ ચલાવે છે તેમજ મુંબઈમાં વિલેપાર્લા વેસ્ટમાં જૂહુ ખાતે તેમની અત્યંત આધુનિક હોસ્પિટલ ચાલી રહી છે.
''માનવ સેવા એજ જન સેવા'' સૂત્રને તેઓએ સાર્થક કર્યુ છે.



શ્રી પાટણ જૈન મંડળ યુ.એસ.એ.
ટ્રસ્ટી :- શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહ (ખેતવસીનો પાડો)
શ્રી પાટણ જૈન મંડળ યુએસએ ટ્રસ્ટની સ્થાપના કરીને રૂા. ૩ કરોડથી વધારે રકમનું ડોનેશન શ્રી પાટણ જૈન મંડળ માટે એકત્ર કરેલ છે.
તેમને ખુબ ખુબ અભિનંદન.




# નહાલચંદ લલ્લુચંદ ટ્રસ્ટ

નહાલચંદ લલ્લુચંદ ટ્રસ્ટ
ટ્રસ્ટી :- શ્રી રાજેશભાઈ હિંમતલાલ શાહ
તેઓ મુંબઈ ખાતે સ્કુલ અને કોલેજ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે.
તેમને ખુબ ખુબ અભિનંદન.

શ્રી વિનોદભાઈ હરીલાલ ઝવેરી
ટ્રસ્ટી :- શ્રી વિનોદભાઈ હરીલાલ ઝવેરી
શૈક્ષણિક ક્ષેત્રે પાટણ ખાતે ફાર્મસી કોલેજમાં ઉત્કૃષ્ટ યોગદાન આપેલ છે તથા મેડિકલ અને સમાજ ઉત્કર્ષ પ્રવૃત્તિઓ દ્વારા અનુમોદનીય સેવા આપી રહ્યા છે.




શ્રી ભોગીલાલ મણિલાલ શાહ હાઈ સ્કુલ
ટ્રસ્ટી :- શ્રી ગૌતમભાઈ ભોગીલાલ શાહ
૮૦ વર્ષથી વધારે સમયથી પાટણ ખાતે ગુજરાતી માધ્યમમાં ધોરણ ૧ થી ૧૨ સુધીની સ્કુલ ચલાવે છે. જેનું પરિણામ પાટણમાં પ્રથમ સ્થાને આવે છે.

# શ્રી ભોગીલાલ મણિલાલ શાહ હાઈ સ્કુલ

# રૂદન્તી કર માફ

પ્રવર્તિની સાધ્વી વર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)

ગુજરાત સંસ્કારી દેશ બન્યો. વિદ્વાન-વિવેકી દેશ બન્યો. મધુરભાષી દેશ બન્યો. મિલનહાર દેશ બન્યો. સાહિત્ય પ્રેમી દેશ બન્યો. તેના ત્રણ કારણો પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજની સરસ્વતીએ પ્રેમ પ્રવિત્રતા અને નિર્મળતાની સરસ્વતી વહાવી.

સામર્થ્યવાન રાજા સિદ્ધરાજે ગરવા ગુરુ હેમચંદ્રાચાર્યની સાહિત્ય-પ્રવૃત્તિનું સ્વાગત કર્યું. વિસ્તાર કર્યો. સૌને સાહિત્ય-પ્રેમી બનાવવા અથાગ પ્રયત્ન કર્યો. કરૂણાપ્રિય સજ્જન રાજા કુમારપાળે પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજની કરૂણા સ્વીકારી. કરૂણાપ્રિય બની સમસ્ત રાજ્યમાં કરૂણાની પવિત્ર ગંગા વહાવી. રાજા-પ્રજા સંસ્કારી બન્યા. સ્નેહી બન્યા પ્રેમાળ બન્યા સહુનું સુયોગ્ય માન-સન્માન કરતા શીખ્યા.

રાજા કુમારપાળ સાત્વિક હતા. પ્રજા વત્સલ મહારાજાધિરાજ હતા. પ્રજાના સુખ-દુઃખ જાણવા તત્પર રહેતા. પ્રજાના કુસંસ્કાર દૂર કરવા સૂર્ય જેવા તેજસ્વી હતા.

પ્રજાના સંસ્કાર વૃદ્ધિ કરવા - જ્ઞાન-વિજ્ઞાનની વૃદ્ધિ કરવા ચંદ્ર જેવા શાંત અને ગંગાના વહેતા નીર જેમ સદા પ્રયત્નશીલ હતા.

રાજા કુમારપાળ ન્યાય-નિપુણ હતા. શીઘ્ર શ્રેય માર્ગને અનુસરતા હતા. ન્યાય પ્રદાન કરવા શીઘ્રકાર્ય રત હતા. દિવસે ધર્મ ફરજ-કર્તવ્ય-દેશના વિવિધ સમાચાર પ્રાપ્ત કરતા હતા. રાત્રે ગુપ્તવેશે પાટણ શહેરના ગુણ-અવગુણ, સુઘ-દુઃખ જાતે નિહાળતા હતા. પ્રજા પ્રતિપાલક હતા. શૂરવીર અને બુદ્ધિ - નિધાન હતા. એક દિવસ રાજકુમાર ગુપ્ત વેશે પાટણ નગરી, ગામ, શહેરના સીમાડે પહોંચ્યા હતા. રાત્રિની નીરવ શાંતિ હતી. ત્યાં દૂર દૂરથી સ્ત્રીના રૂદનનો અવાજ આવ્યો. ''આ શું ? મારા પાટણ નગરના સીમાડે સ્ત્રી રડતી હતી. સુસંસ્કારી સ્ત્રી રડે નહીં. આ તો દુઃખીયારી સ્ત્રીનો અવાજ. ચાંપતા પગલે રાજા કુમારપાળ આગળ વધ્યો. અવાજ સ્પષ્ટ થવા લાગ્યો. આ એક સ્ત્રીનો અવાજ નથી. બે સ્ત્રીનો અવાજ છે સાંભળવા દે. શું વાત છે ?''

''બાઈજી ! બાઈજી ! મારી વાત સાંભળો. હવે હું શું કરીશ ? ક્યાં જઈશ ? મારી સંપત્તિ સવારે રાજા કુમારપાળના અધિકારીઓ લૂંટી લેશે. સંપત્તિ વગર હું શું કરીશ ? મારી યુવાન અવસ્થા છે. ક્યાં જઈશ ! બાઈજી ! બાઈજી ! મારા દુઃખનો રસ્તો કાઢો.''

''વહુ બેટા ! તું તો નગરશેઠની પત્ની છે. મારી પુત્રવધુ છો. મહાલક્ષ્મી દેવી. તારા ચરણમાં આળોટે છે. મારો લાડકો દીકરો દેશ-વિદેશ - નદી સમુદ્ર ખૂંદી અઢળક લક્ષ્મી પાટણમાં લાવ્યો છે. વહુ બેટા, રડ નહીં. શાંત થા. હકીકત મને જણાવ.''

''ઓ મા ! ઓ સાસુજી ! હું ગાંડી નથી, અર્ધી રાત જંગલમાં તમને લઈ આવું. આજે સૂર્યાસ્ત પછી સમાચાર આવ્યા કે તમારા દીકરા -મારા પતિદેવ - પાટણના નગરશેઠ વહાણ સાથે દરિયામાં ડૂબી ગયા છે. વાત ગુપ્ત રાખી છે. ઘરમાં કોઈપણ ન જાણે માટે અર્ધી રાતે અંધારામાં ગુપ્ત સ્થળે વાત કરવા આવી.''

''અત્યારે મારા પતિ ગયા. મને વૈધવ્યે ઘેરી લીધી. મારું સૌભાગ્યનું તિલક લૂંટાઈ ગયું. હવે કંકણ ફૂટશે. પણ સવારે હું ભિખારણ બની જઈશ. મારી સંપત્તિ - આભરણ બધું લૂંટાઈ જશે. પેલા કુમારપાળ રાજાના સેનાધિપતિ સાથે સૈનિકો આવશે. મારા ઘરને ઘેરો નાખી મને ધમકાવશે - લૂંટશે અને કહેશે. હવે શેઠાણી પછી તમે વિધવા છો. તમારા પતિ ગયા, તમારે પુત્ર નથી. આ રાજ્યનો કાયદો છે.'' ''વિધવાની સંપત્તિ'' રાજ્યની તમારી સંપત્તી હવે કુમારપાળની. મારો હક્ક નહીં. અધિકાર નહીં. હું નિર્ધન નિરાધાર મા ! ઓ સાસુમાં મને બચાવો. મારી રક્ષા કરો.''

''બેટા ! તું મારી વહુ નથી. મારી વ્હાલી દીકરી છો. કાલે સવારે કુમારપાળના રાજદરબારમાં રોતી-કકળતી પહોંચીશ. મહારાજાના પગે પડી વિનંતી કરીશ.''

''ઓ રાજા મહારાજા ! તમને આ તો શોભે નહીં. રડતી વિધવા નારીની લક્ષ્મી, અપુત્રીયાની સમૃદ્ધિ-સંપત્તિથી તમારા ભંડાર ના ભરો. મારી વહુના આંસુ બંધ કરાવો. બોલ વહુ બેટા ! બીજું તો હું શું કરી શકું ? હું અભણ - અજ્ઞાની ડોશી, વૃદ્ધા આંસુ સારી શકું. પાલવ પાથરી કરગરીશ. શાંત થા. શાંત થા. તું ખૂબ ડાહી છે.''

''બા. મા ! તમને રાતે કેમ લઈને આવી છું. જુઓ. આ પોટલી. તેમાં કરોડોના હીરા-મોતીના દાગીના છે. તમે અત્યારે જ ભાગી જાઓ. કુમારપાળ રાજાના હાથમાંથી આટલી સંપત્તિ બચાવી લો. ભાગો. બાકી હમણાં જ રાજાના સૈનિકો આવી પહોંચશે.''

નીરવ શાંતિથી ભરેલા જંગલમાં દૂરથી ધીર-ગંભીર એક પ્રૌઢ નિર્ણયાત્મક અવાજ સંભળાયો. ''પાટણની માતા ! પાટણની પૂત્રવધુ ! સાંભળો. ક્ષેત્ર દેવતા. વનદેવતા તમે સાક્ષીમાં રહેજો. '' આવતી કાલે સવારે એક અનેરો પડહ પાટણ શહેરમાં સંભળાશે.

''પાટણની માતાઓ ! સન્નારીઓ ! સુખે ઘરે સીધાવો પધારો પાટણમાં આપ સુરક્ષિત છો. સર્વ જનતાગણ આનંદમાં રહો.''

એકવાર જ આવી ઘોષણા થઈ અને બન્ને સ્ત્રીઓ ચારે બાજુ નિહાળવા લાગી. ''કોણ હશે ? ક્યાંથી આવ્યા હશે ?'' આવી અદ્‌ભુત દિવ્ય ઘોષણાથી ચારે બાજુ નિહાળે છે. એક ઘોડા ઉપર એક ઘોડેસ્વાર અલપ-ઝલપ દેખાયો અને અદ્રશ્ય થઈ ગયો. સાસુ-વહુ બન્ને વિચાર કરી પાટણના પાદરેથી હવેલીએ પાછી વળી. રાતની ઉંઘ હરામ થઈ. પરોઢમાં સાસુ-વહુ નિદ્રામાં પોઢેલા હતા. ત્યાં તો ઘરના આંગણે ધમ-પછાડા કરતાં બોલ્યા. ''દરવાજા ખોલો. પાટણના પહેરગીર આવ્યા છીએ, અમે રાજા કુમારપાળના કારોબારી સભ્યો છીએ. જગાડો. જગાડો. ઘરના માલિકોને લ્યો. આ રાજપત્ર- રાજખત લ્યો. તિજોરીની ચાવી આપો. શ્રી કુબેર નગરશેઠની મિલકત હવે રાજ્યની છે. જલ્દી કરો. નહીંતર અમે શું કરીશું તે જોયા કરો.'' માલિક અને સૈનિકો વચ્ચે રકઝક ચાલી રહી છે ત્યાં તો રાજ પડહ જોર-શોરથી વાગવા લાગ્યો.

''નગરના પ્રજાજનો સાંભળો. રૈયતજનો સાંભળો. પાટણના મહારાજાનો પડહ - અમર પડહ ગુજરાતની માતાઓ ! વ્હાલી બહેનો ! લાડલી દીકરીઓ ! સાંભળો.''

''માતા ! તમારો પુત્ર કુમારપાળ છે.

બહેનો ! તમારો પ્યારો ભાઈ કુમારપાળ છે.

લાડલી દીકરીઓ ! તમારો પિતા કુમારપાળ છે.''

પાટણના મહારાજની ઘોષણા - ઉદ્‌ઘોષણા છે - માતા-બહેનો-દીકરીઓ હસો. નાચો. ગીત ગાઓ. તાલીઓ વગાડો. એક જ વાત. એક જ નાદ પાટણમાં અને ગુજરાતમાં સમસ્ત સ્થળે ''રૂદન્તી કર'' માફ. હવે રડતી સ્ત્રીઓ હસતી થાઓ. બહેનોનો કર માફ - ટેક્ષ માફ. રાજા બહેનોના પૈસે રાજ નહીં ચલાવે. લાખો કરોડો-અબજો સોના-મહારો માપ. ચાંદી - હીરા - મોતી - માણેક આપના ઘરમાં - આપની તિજોરીમાં - આપના શરીર ઉપર ધારણ કરો.

પાટણ રાજ્યની તિજોરી સ્ત્રી ધનથી અભડાશે નહીં. પણ રાજ્યની તિજોરી માતાના આશિષે ઉભરાશે. બહેનોના પુણ્યે ભરાશે. દીકરીના કંકુ પગલાથી રાજ્ય તિજોરી ભરપૂર રહેશે. તમારો પુત્ર-ભાઈ-પિતા કુમારપાળ પ્રયત્ન કરશે. પુરુષાર્થ કરશે. એટલે પાટણ રાજ્યની તિજોરી ભરાશે.

''મંત્રીઓ ! સેનાપતિઓ ! અધિકારીઓ ! માતા-બહેન અને દીકરીના આશીર્વાદ લો.'' મને વિશ્વાસ છે. મારા રાજ્યની તિજોરીઓ જરૂર છલકાશે. કુલદેવી - નગરદેવી - ક્ષેત્રદેવી સહાય કરશે. પણ રાજ્યની તિજોરીમાં રૂદન્તીનું ધન નહીં. આજે નહીં. આવતી કાલે પણ નહીં અને ક્યારેય નહીં. કુમારપાળનો પડહ છે. બસ, તમારા ભાઈને આશીર્વાદ આપો. રૂદન્તી કર, સદા માટે ભૂલી જાઓ. ગઈકાલની અલંકિત કથા હતી. ભાવિની ભવ્ય - કથાના બહેનો મંગળ-ગીતો ગાઓ.

''ભાઈ ! અમે આનંદથી આવ્યા છીએ. ભાઈ કુમારપાળના ભાલે કંકુ અને ચોખાથી વધામણા કરીએ. અમારો ભાઈ ચિરંજીવી બનો. એવા આશિષ આપ્યા.''

''ધન્ય અઢાર દેશના મહારાજા કુમારપાળ.''

''રૂદન્તી કર માફ'' પૂ. હેમચંદ્રાચાર્ય મ.સા.ના ઉપદેશથી કુમારપાળ મહારપાળ મહારાજે ફરમાવ્યું હતું. એવું ક્યાંક વાંચ્યું હતું. પણ વર્તમાનમાં અત્યારે શાસ્ત્ર કે પુસ્તકનું નામ યાદ નથી. કુમારપાળ મહારાજે જીવનમાં અનેક સત્કાર્યો કર્યા છે. આ ભવનો પણ તેમનો પ્રભાવ હોઈ શકે. મહારાજ ''કુમારપાળને ધન્યવાદ''

આચાર્ય પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજને કુમારપાળને સન્માર્ગ ચીંધ્યો. સુયોગ્ય ગુરુદેવ અને સુયોગ્ય શિષ્યનું મિલન એક ભવ્ય ઈતિહાસ સર્જી શકે છે.

''રડતી નારીને હસતી નારી'' બનાવી.

''નારીના આંસુ રાજ્યનું પવન કરે છે.''

''સન્નારીના આશિષ-સતીના આશીર્વાદ'' રાજ્યનું મંગળ કરે છે. રાજ્યને ઉર્ધ્વગામી બનાવે છે.

## શ્રી સરસ્વતી બધિર એજ્યુકેશન ટ્રસ્ટ... એક વટવૃક્ષ

શ્રી સરસ્વતી બધિર એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપના સન ૧૯૮૨માં કરવામાં આવી. જેનો હેતુ સમાજમાં ઉપેક્ષિત વર્ગ દિવ્યાંગ બાળકોના શિક્ષણથી લઈ તેમની રોજગારી અને સમાજમાં માનભેર સ્થિર થઈ શકે ત્યાં સુધી તેનો હાથ પકડવો. સંવેદનશીલ ટ્રસ્ટી મંડળે સૌ પ્રથમ પાટણની એક માત્ર રહેણાકીય વ્યવસ્થા આપતી સંસ્થા શરૂ કરી. ઈશ્વરના આશીર્વાદ, સંતોની શુભ ભાવના અને સમાજનો સહયોગ, ટ્રસ્ટીઓના અવિરત પ્રયત્નોથી આજે આ સંસ્થા દિવ્યાંગોના ઉત્થાન માટે ઉત્કૃષ્ટ કામ કરી રહી છે.

શ્રી સરસ્વતી બધિર એજ્યુકેશન ટ્રસ્ટનું પહેલું સોપાન વર્ષ ૧૯૮૨માં સ્થપાયેલી શ્રીમતી મંગળા લક્ષ્મી કેશવલાલ વ્યાસ અને શ્રીમતી યશવંતિબેન રમણલાલ સાંડેસરા બહેરા મુંગા શાળા.

જિલ્લાની આ એકમાત્ર શાળામાં માત્ર પાટણના જ નહીં પણ બનાસકાંઠા, કચ્છ જેવા અન્ય દૂરના જિલ્લાના પાંચથી પંદર વર્ષના કોઈપણ બહેરા મુંગા બાળકોને ધોરણ ૧ થી ૮ (પ્રાયમરી વિભાગ)નું શિક્ષણ આપવામાં આવે છે. હાલમાં શાળામાં ૧૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. તેમના માટે સ્પેશિયલ તાલિમ શિક્ષકો અને અન્ય સ્ટાફ પણ શિક્ષણ સાથે સંસ્કાર અને શિસ્તના પાઠ ભણાવી રહ્યા છે. આજ સુધીમાં લગભગ ૧૫૦૦ જેટલા બધિરો આ શાળામાં અભ્યાસ કરી પોતાના સમાજમાં સ્થિર થયા છે.

માત્ર અભ્યાસ જ નહીં પરંતુ બાળકનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ, વિવિધ તહેવારોની હેતુ સભર ઉજવણી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રાસ ગરબા, સ્ટેજ શો, મિમિક્રી, ચિત્ર હરિફાઈ, આઉટડોર - ઈનડોર રમત-ગમત હરિફાઈ, યોગ, પ્રવાસ પર્યટન, ઐતિહાસિક સ્થળોની મુલાકાત, વગેરેનું પણ આયોજન કરવામાં આવે છે. દર વર્ષે આયોજિત ખેલ મહાકુંભમાં પણ શાળાના બાળકો ભાગ લઈ સખત મહેનત કરી રાજ્યની અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું છે.

શાળા વિભાગમાં તમામ સુવિધાઓ.. માવ્વી મિડીયા વર્ગ, કમ્પ્યુટર વર્ગ, પુસ્તકાલય, અભ્યાસ માટે ના આરામદાયક વર્ગો જરૂરી ફર્નિચર સાથે ઉપલબ્ધ છે.

શાળા વિભાગનું હાલનું મકાન પ્રમાણમાં જર્જરિત હોઈ વધુ સુવિધાઓ તથા એક મલ્ટી પર્પઝ મોટા ખંડની જરૂરિયાત હોઈ રીનોવેશન માટેની તૈયારી થઈ રહી છે.

શાળાનું ગૌરવઃ-

વર્ષ ૨૦૦૬માં શાળાને ગુજરાત સરકાર તરફથી બેસ્ટ શાળાનો એવોર્ડ એનાયત થયો.

વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૧માં શિક્ષણ વિભાગ દ્વારા શાળાના તત્કાલિન આચાર્ય શ્રી કુસુમ બેન ચંદારાણાને રાજ્ય તથા રાષ્ટ્રીય બેસ્ટ શિક્ષકનો એવોર્ડ આપી બહુમાન કરવામાં આવ્યું જે શાળા માટે ગૌરવની વાત છે આજે પણ નિવૃત્તિ પછી પણ તેઓ સંસ્થામાં માનદ સેવા આપી રહ્યા છે.

વર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭માં શાળાના વર્તમાન આચાર્ય શ્રી ઘેમરભાઈ દેસાઈને પણ રાજ્ય તથા રાષ્ટ્રીય બેસ્ટ શિક્ષકનો એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા જેનું પણ શાળાને ગૌરવ છે.

વર્ષ ૨૦૧૫થી આજ સુધી સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભમાં દર વર્ષે શાળાના વિદ્યાર્થીઓ રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલો જીતી શાળા તથા પાટણનું નામ ગૂંજતું કર્યું છે તેનું ગૌરવ છે.

ટ્રસ્ટના આ સેવા યજ્ઞને સતત પ્રજ્વલિત રાખવા માટે શાળા પરિવાર, મુંબઈ સ્થિત ટ્રસ્ટીઓ અને સમાજ પોતે પોતાની રીતે તન-મન-ધનથી સહાય કરી રહ્યા છે.

શ્રી સરસ્વતી બધિર એજ્યુકેશન ટ્રસ્ટનું શ્રીમતી સુશિલાબેન ચીમનલાલ શાહ બધિર છાત્રાલય

શાળામાં અભ્યાસ માટે બધિર કુમાર કન્યાઓ જુદા જુદા ગામ-જિલ્લા-સમાજમાંથી આવે છે તેમને રહેવા માટે ઉત્તમ સુવિધાઓ સાથેની સગવડ આપતું છાત્રાલયની પણ વ્યવસ્થા છે. ૨૦૧૮માં દાતાના સહયોગથી સુંદર એલિવેશન સાથે તમામ સુવિધાઓ, કુમાર કન્યાના અલગ ખંડ, રસોઈ ઘર, ડાઈનિંગ ટેબલ - ખુરશી, ભોજન ખંડ, પર્યાપ્ત માત્રામાં વિજળી-પાણી-સેનીટેશન, ટીવી, ફ્રીઝ, વોશિંગ મશીન, ગેસ પાઈપલાઈન, વોટર ફિલ્ટર, દરેક બાળક માટે પલંગ, કબાટ, પથારી, બન્ને સમય ચા નાસ્તો, પૌષ્ટિક આહાર, મેડિકલ વ્યવસ્થા તથા અન્ય દૈનિક જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવે છે. છાત્રાલયમાં દાખલ થાય ત્યારથી જ્યાંસુધી રહે ત્યાં સુધી આ તમામ સવલતો નિઃશુલ્ક આપવામાં આવે છે. ક્યાંય પણ કોઈ જાતનો ચાર્જ કે ફી લેવામાં આવતી નથી.

છાત્રાલયમાં બાળકોને ઘર જેવું વાતાવણ મળે તે માટે સુવિધાઓ સાથે સંસ્કાર મળે તે માટે માયાળુ ગૃહમાતા, આયાઓ, વોચમેનની

સતત દેખરેખ અને હુંફ મળતી રહે છે. છાત્રાલયમાં નવરાત્રી, હોળી-ધૂળેટી, ગણેશ ચતુર્થી, રક્ષાબંધન વગેરે જેવા તહેવારો, નાની નાની પીકનીક વગેરેની ઉજવણી કરવામાં આવે છે.

શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ દિવ્યાંગ રોજગાર તાલિમ કેન્દ્ર

વર્ષ ૨૦૧૮માં આ નવો વિભાગ શરૂ કરવામાં આવ્યો. સામાન્ય શિક્ષિતને પણ રોજગાર મેળવવા માટે અને સમાજમાં ગૌરવથી જીવી શકે તે હેતુથી દિવ્યાંગ રોજગાર તાલિમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. આવી શુભ ભાવનાથી પ્રેરાઈને દાતાશ્રીએ મોટું બે માળનું મકાન, ઉદ્યોગ માટે જરૂરી મશીનરી સાધનો સાથે ટ્રસ્ટને સોંપ્યું. આ કેન્દ્ર સંપૂર્ણ પણે દાતાશ્રી તથા ટ્રસ્ટ સંચાલિત છે. આ કેન્દ્રમાં આજે ૩૦ જેટલા જુદી જુદી દિવ્યાંગતા વિવિધ ઉદ્યોગની તાલીમ લઈ આવક મેળવી રહ્યા છે.

આ ઉદ્યોગ વિભાગમાં પેપર ઉદ્યોગ જેમાં પડિયા, ડિસો, થાળી વગેરે ઉત્પાદન કરવામાં આવે છે. તે ઉપરાંત નોનવોન બેગો, સિવણકામ, બ્યુટી પાર્લર, હેન્ડ આર્ટ (કોડીયા, તોરણ, પગ લૂછણિયા, ગૃહ શુશોભન) રૂ ની દિવેટી, વગેરેની તાલીમ આપવામાં આવે છે. તેમના કામ પ્રમાણે દૈનિક વળતર ચૂકવવામાં આવે છે. ટ્રસ્ટ તરફથી તેમને ભોજન નાસ્તા, વર્ષના કપડા, અન્ય નાની મોટી જરૂરિયાતની ચીજવસ્તુઓ આપવામાં આવે છે. તાલિમ કેન્દ્રમાં બનાવેલ ચીજવસ્તુઓના વેચાણ માટે લોકમેળામાં કે તહેવારમાં મુકાતા સ્ટોલમાં પોતાની ઉત્પાદિત વસ્તુઓને 'આ અમે બનાવી છે, અમે જાતે બનાવીએ છીએ' બોલીને વસ્તુઓની ખાસીયતો બતાવતા, વેચાણ કરી પૈસાની ગણતરી કરતા ચહેરા પર ગર્વના ભાવ જોઈ ટ્રસ્ટનું સોપાન સાર્થક લાગે.

આ સિવાય પણ ટ્રસ્ટ દિવ્યાંગના ઉત્થાન માટે પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. દિવ્યાંગના લગ્ન પસંદગી મેળાનું આયોજન, જરૂરિયાતવાળા દિવ્યાંગોને અનાજ કીટ વિતરણ, મેડિકલ કેમ્પનું આયોજન, જન જાગૃતિ માટેના પ્રયત્નો, દિવ્યાંગોના સાહિત્યનું પ્રકાશન, બધિર મિત્ર મંડળની પ્રવૃત્તિઓ, દિવ્યાંગોને મળતી સરકારી સુવિધાઓ માટેનું માર્ગદર્શન વગેરે.

ટ્રસ્ટના ભાવી આયોજન..

સ્પીચ થેરાપી સેન્ટર... પાટણ જિલ્લામાં એન.જી.ઓ. દ્વારા આવું સેન્ટર નથી.

દિવ્યાંગ વૃદ્ધાશ્રમ. હવે સામાન્ય સમાજમાં વૃદ્ધાશ્રમની જરૂર પડી રહી છે. ત્યાં દિવ્યાંગો માટે વિશેષ સુવિધા - સવલતો અને વિશેષ સુરક્ષાની જરૂર પડે. તેમનું વૃદ્ધત્વ શાંતિથી પસાર કરી શકે તેવું સગવડ સાથેનું વૃદ્ધાશ્રમ બનાવવું.

કહેવાય છે કે શુભ ભાવના થી કરેલા વિચાર-સંકલ્પ ને સાર્થક કરવામાં ઈશ્વર ચોક્કસ સાથ આપે છે. ટ્રસ્ટ શુભ ભાવનાથી અથાક પ્રયત્નો કરે છે. સમાજ દાતાશ્રીઓને પ્રેરણા મળશે જ...

## સંપત્તિનો આનંદ

સંપત્તિ વ્યક્તિને ત્રણ રીતે આનંદ આપી શકે છે એક તો માનવી ધનપ્રાપ્તિ કરવા માટે રાતદિવસ મહેનત કરતો હોય છે. પહેલાં તો રોટી, કપડા અને મકાનની વેતરણ કરવી અને પછી ધન એકઠું કરવું. નસીબ યારી આપે કે પુરુષાર્થ ફળે એટલે વ્યક્તિ ધનવાન બને છે. સંપત્તિથી વ્યક્તિને ત્રણ પ્રકારની પ્રાપ્ત થઈ શકે એક તો પોતે મેળવેલા વિશાળ ધનભંડારની પાછળ કરેલી મહેનતનું એ વારંવાર સ્મરણ કરે છે કેવી ગરીબ અને સામાન્ય સ્થિતિમાંથી આગળ વધીને એ માલેતુજાર બન્યો. એનો આનંદ, ગર્વ કે ગૌરવ અનુભવે છે. બીજો આનંદ એ કે સંપત્તિનું તમે કોઈ સેવાકાર્ય માટે દાન કરો આ તબક્કે ધનપ્રાપ્તિ એ ખાતર જેવી છે, ખેતરમાં ખાતરનો મોટો ઢગલો પડયો હોય તો એની દુર્ગંધ ચારેબાજુ ફેલાઈ જાય. પરંતુ જો એ ખાતરને આખાય ખેતરમાં થોડું થોડું નાખવામાં આવે તો જમીન ફળદ્રુપ બને અને મીઠા મધુરા ફળ આપે. આ રીતે જ્યારે વ્યક્તિ દાન આપે છે, ત્યારે એના આત્મામાં અનેરો આનંદ જાગે છે. પહેલા માત્ર પોતાના સ્વાર્થનો વિચાર કરતો હતો. દાન આપતી વખતે એ બીજાનો વીચાર કરે છે, સંપત્તિની પ્રાપ્તિની શક્તિ ઘણી વ્યક્તિઓને વરેલી હોય છે, પરંતુ એ સંપત્તિને મુક્ત કરવાનો શક્તિ વિરલા જ ધરાવતા હોય છે.

વળી ઘણીવાર વ્યક્તિ સંપત્તિ મેળવ્યા પછી એવો વિચાર કરે છે કે આટલી સંપત્તિ મેળવવાના પ્રયત્નોમાં મારે કેટલું બધું ગુમાવવું પડ્યું ? જો જીવનમાંથી સુખ, સંપ, ઊંડા, આરામ અને નિરાંત આટલી બધી ગુમાવવી પડશે, એનો ખ્યાલ તો એ ધનવાન વિચારતો હોય છે કે આ સંપત્તિની પ્રાપ્તિ માટે એણે આટલા બધા પ્રયત્નો કર્યા ન હોત. આથી ગરીબી કે અભાવવાળા સમયને જ વ્યક્તિ પોતાના જીવનનો શ્રેષ્ઠ સમય માનતી હોય છે.

## સંસ્થા સમાચાર

### છત્તીસગઢ યાત્રા પ્રવાસ - શ્રી પાર્શ્વજીન યાત્રા મંડળ, મરીનડ્રાઈવ

**તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૪ થી તા. ૬ નવેમ્બર, ૨૦૨૪ સુધી છત્તીસગઢ યાત્રા પ્રવાસ** ૯ દિવસનો સુખસાતા પૂર્વક સંપન્ન થયો. આ યાત્રા પ્રવાસમાં ૮૫ યાત્રાળુઓ જોડાયા હતા. મુંબઈથી એક સારા સંગીતકારને દેરાસરમાં સ્નાત્ર પૂજા તેમજ ભક્તિ ગીતો માટે સાથે લઈને ગયા હતા. દરેક બસમાં બે માણસો સામાન ઉચકવા માટે સાથે હતા.

નાગપુર, ઉવસગ્ગહરં તીર્થ, દુર્ગ, રાયપુર, કૈવલ્યધામ, આઈવરા, જેવા બીજા નાના નાના અનેક ગામોમાં સેવા પૂજા દર્શનનો લાભ યાત્રાળુઓએ લીધો હતો. દરેક જગ્યા પર સંઘના લોકોએ યાત્રાળુઓનું સ્વાગત કર્યું હતું અને બહુમાન કર્યું હતું.

પ્રથમ દિવસે નાગપુર ખાતે મહેદી રસમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બધા ભાઈ બહેનોએ પોતાના બન્ને હાથે મહેદી મુકાવી હતી. બાંકેલા તીર્થ ખાતે રંગોળીની હરિફાઈ રાખવામાં આવતા ધર્મ શાળામાં રૂમની બહાર ૨૫ બહેનોએ આકર્ષક રંગોળીઓ કરી હતી. તેમાંથી વધુ સુંદર રંગોળીના પાંચ બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા.

જગદલપુરથી ૩૦ કિલોમીટર દૂર ચિત્રકૂટ ખાતે ધોધ જોવા ગયા હતા. તેમાં મેઘધનૂષ રચાતું હતું એ સૌંદર્ય માણીને યાત્રિકો રાજી થયા હતા. રાજનંદ ગામમાં ઉદયાચલ હેલ્થ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં રહેવાની સગવડ કરવામાં આવી હતી. આ હોસ્પિટલમાં રોજના ૪૦ થી ૫૦ મોતિયાના ઓપરેશન ફ્રિ માં કરવામાં આવે છે. દર્દીઓને બધીજ સગવડ ફ્રીમાં આપવામાં આવે છે. યાત્રિકોએ રૂા. ૩૦/- ભરીને પોતાની આંખો ચેકઅપ કરાવી હતી. રીધમ ટૂર અમદાવાદને પ્રવાસ દરમ્યાન સંપૂર્ણ ભોજન તેમજ ચા-કોફી નાસ્તા માટે સાથે લીધા હતા અને કોન્ટ્રેક્ટ આપ્યો હતો.

આ યાત્રા પ્રવાસના ચાર લાભાર્થીઓની અનુમોદના તેમજ આભાર માનીએ છીએ અને ફરી ફરી આવીજ રીતે ઉત્તમ પ્રકારે જાત્રાઓ કરાવે તેવી અમારી ભાવના છે. **(૧) શ્રીમતી ચારુબેન તુષારભાઈ શાહ (૨) શ્રીમતી કલ્પનાબેન પ્રમોદભાઈ તેલિયાવાળા (૩) શ્રીમતી ભાનુબેન સુરેષચંદ્ર શાહ (૪) એક સદગ્રહસ્થ.**

।। જૈનમ જયતિ શાસનં ।।

## અભિનંદન



